ક્રમાંક : બ/જમન/હે.ઙી 430 /૨૦૨૧-૨૨
નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી,
જામનગર વન વિભાગ, 'વનસંકુલ'
નાગનાથ ગેઇટ પાસે,ઇન્દિરા માર્ગ,
જામનગર. તારીખ:21 /06/૨૦૨૧.

પ્રતિ,
મુખ્ય વન સંરક્ષકશ્રી,
જુનાગઢ વન વર્તુળ,
જુનાગઢ.

વિષય:- Diversion Of 4.599 ha for construction of Rajkot – Kalavad – Khatiya – Khambhaliya road SH-23 Jamnagar district section missing link of Khatiya Machhalivad Road Ch. 0/00 to Ch 17/200 of Jamnagar District in Favour of Deouty Executive Enguneer, R &b Sub Division, Jamnagar.

સંદર્ભ :- (1) આપના પત્રાંક – B/LAND/7.12/487 Dt.28/04/2021

(2) નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, જામનગર(માં અને મ) પેટા વિભાગ, જામનગરના પત્રાંક – પીબી/૨૨૨ તા.૧૬/૦૬/૨૦૨૧

સાદર સહ ઉપરોક્ત વિષય અને સંદર્ભ-૧ વાળા આપના પત્ર અન્વયે જણાવવાનું કે, સંદર્ભ તળેના પત્રથી માંગવામાં આવેલ પૂર્તતા નીચે મુજબ સાદર કરવામાં આવે છે.

એજન્સી દ્વારા સુચિત કરેલ બિન જંગલ જમીનની સંયુક્ત ( રેંજ ફોરેસ્ટ ઓફિસરશ્રી અને નાયબ કાર્યપાલક ઇજનેરશ્રીની કચેરીના એસ.ઓ અને લાગુ સ્ટાફ) સ્થળ તપાસ તા.૨૯/૦૭/૨૦૧૯ના રોજ કરવામાં આવેલ છે. જેમાં દર્શાવ્યા મુજબ સુચિત કરેલ બિન જંગલ જમીન, જંગલ જમીનને લાગુ આવેલ છે. એટલે કે વન જમીનનો કોઈ ભાગ નથી.

ફોરેસ્ટ સર્વે ઓફ ઇન્ડીયાના ડી.એસ.એસ.માં ફોરેસ્ટ બાઉન્ડ્રીમાં સુધારો કરવા માટે અત્રેથી ઈ-મેઈલ કરવામાં આવેલ છે તેની અને અનામત જંગલના નકશાની નકલ અત્રેના તા.૦૭/૦૧/૨૦૨૧ના પત્રથી આપને સાદર કરવામાં આવેલ છે. અનામત જંગલનો નકશો તથા એજન્સી દ્વારા સૂચિત કરેલ બિન જંગલ જમીનનો નકશો સરખાવતા સ્પષ્ટ રીતે જાણી શકાય છે કે સૂચિત બિન જંગલ જમીન, અનામત જંગલ જમીનનો કોઈ ભાગ નથી.

સંદર્ભ -૨ વાળા પત્રમાં જણાવ્યા મુજબ વળતર વનીકરણ માટે બિન જંગલ જમીન જી.જામનગર તા.લાલપુરના મોજે રક્કાના સર્વે નંબર ૨૯૦ (જુના સર્વે નંબર ૧૬૦/પૈકી) સરકારી ખરાબાવાળી જમીન વન વિભાગને તબદીલ કરવા વર્ષ ૨૦૧૯ થી કાર્યવાહી કરવામાં આવી રહેલ છે. જેથી સ્થળ ફેર કરવાનો પ્રશ્ન રહેતો નથી.

આમ ઉક્ત વિગતે સૂચિત બિન જંગલ જમીન, જંગલ જમીનનો ભાગ નથી.જે વિદિત થવા વિનંતી છે.

સામેલ:- ઉપર મુજબ.

નાયબ વન સંરક્ષક
જામનગર વન વિભાગ
જામનગર.

E:\E\FCA\4.599\Lettar 4.599.docx

# નાયબ કાર્યપાલક ઈજનેરની કચેરી,
# મા. અને મ. પેટા વિભાગ,
# સેવાસદન–૩, લાલબંગલો, જામનગર.

Ph. No. (0288) 2550364, Email ID : deejamrnb@gmail.com.


નં.પીબી/ ૨૨૨ તારીખ : ૨૫/૬/૨૦૨૧

પ્રતિ,
નાયબ વન સંરક્ષકશ્રી,
જામનગર વન વિભાગ,
જામનગર.

**વિષય :** Diversion of 4.599 ha for cnstruction of Rajkot Kalavad Khatiya Khambhaliya road SH-23 Jamnagar district section missing link of Khatiya Machhalivaqd Road Ch. 0/0 to Ch. 17/200 of Jamnagar Distric.

**સંદર્ભ :** (૧) આપની કચેરીના પત્ર નં. જી/જમન/ટે.૭/૧૦૮૩/ ૨૦૨૧–૨૨ તા. ૧/૬/૨૦૨૧
(૨) ભારત સરકારરીની ફોરેસ્ટ વિભાગની ક્ષેત્રીય કચેરી, ભોપાલના પત્રાંક 6-GJB055/2020-BHO/346 Dt. 19/04/2021

---

સવિનય સાથ ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, સંદર્ભ–૨ વાળા પત્રમા મુદા નં.૧ થી વળતર વનીકરણ જમીનના સુધારેલ મેપ તથા ડી.એસ.એસ. રીપોર્ટ અથવા વળતર વનીકરણ માટે નવી બિન જંગલ જમીન આપવા જણાવવામાં આવેલ છે. જે અન્વયે જણાવવાનું કે ઉપરોકત વિષયવાળી દરખાસ્તમાં વળતર વનીકરણ માટે અગાઉ જે બિન જંગલ જમીન (ગામ : રકકા, સર્વે નં. ૨૯૦, જુના સર્વે નં. ૧૬૦ પૈકી) નકકી કરવામાં આવેલ છે તે ખરેખર સરકારી પડતનર જમીન હોઈ તથા જંગલ જમીનની અંદર આવતી નથી તથા વળતર વનીકરણ માટે યોગ્ય હોવા બાબતે ફોરેસ્ટ વિભાગના જવાબદાર અધિકારીશ્રીઓ ધ્વારા સુચિત કરેલ છે. જે અંગેનું સ્થળ રોજકામની નકલ આ સાથે સામેલ છે. આ બાબતે આ કચેરીના પત્ર નં. પીબી/૩૪૧/તા.૧૯/૧૦/૨૦ થી અગાઉ જરૂરી પૂર્તતા / સ્પષ્ટતા કરવામાં આવેલ છે. માટે વળતર વનીકરણ જમીનના સુધારેલ મેપ તથા ડી.એસ.એસ. રીપોર્ટ અથવા વળતર વનીકરણ માટે નવી બિન જંગલ જમીનની જરૂરીયાત જણાતી નથી.

વધુમાં જણાવવાનું કે વળતર વનીકરણ માટે બીન જંગલ જમીન જિ.જામનગર, તા. લાલપુર ગામ રકકાના સર્વે નં. ૨૯૦ (જુના સર્વે નં. ૧૬૦/પૈકી) સરકારી ખરાબાવાળી જમીન વનીકરણમા તબદીલ કરવા અત્રેના કચેરીથી વર્ષ ૨૦૧૯ થી રેવન્યુ વિભાગ તથા ફોરેસ્ટ વિભાગના સંકલનમા રહી કાર્યવાહી ચાલુ છે.

વિશેષમાં જણાવવાનું કે વિષયવાળો રસ્તો રાજકોટ–કાલાવડ–લાલપુર–ખંભાળીયા–ધ્વારકા માટે ટુંકામા ટુકો રસ્તો છે જે હાલ મછલીવડથી ખટીયા ગામો વચ્ચે ફોરેસ્ટ કલીયરન્સ ન મળવાના કારણે રસ્તાનુ કામ થઈ શકેલ નથી માટે ટ્રાફિક અવર જવર માટે બંધ છે જેને કારણે આજુબાજુની જાહેર જનતાને ખુબ જ મુશ્કેલી પડે છે માટે વહેલાસર ફોરેસ્ટ કલીયરન્સ માટે મંજુરી આપવા વિનંતી.

T-7
17 JUN 2021

નાયબ વન સંરક્ષક
જામનગર વન વિભાગ
આવક નં. ૭૧
તારીખ 18/06/21

નાયબ કાર્યપાલક ઈજનેર
જામનગર (મા. અને મ.) પેટા વિભાગ
જામનગર.

**નકલ સવિનય રવાના :**

કાર્યપાલક ઈજનેરશ્રી, મા. અને મ. વિભાગ, જામનગર તરફ જાણ સારૂ.

126
19.6.21